### રાષ્ટ્રીય દલિત અધિકારી મંચ દ્વારા

# રાજુલાનાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

**નવી દિલ્હીમાં બનેલ ઘટના અંગે રોષ વ્યકત કર્યો**

રાજુલા, તા.૧૨

રાજુલા તાલુકાની પ્રાંત કચેરી ખાતે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા આવેદનપત્ર આપ્યું હતું અને દિલ્હી ખાતે અનુસૂચિત જાતિ સગીર બાળકી પર બળાત્કાર થયેલ અને તેમની હત્યા કરી સળગાવી નાખવામાં આવેલ છે. આ બનાવને સખત વખોડી કાઢવામાં આવે છે. દેશની રાજધાની દિલ્હી ખાતે આવેલ જૂની નાંગલ કેટ વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહમાં ૯ વર્ષની અનુસૂચિત જાતિ સમાજની સગીર વયની દીકરી ઉપર સામૂહિક બળાત્કાર કરવામાં આવેલ અને બાદમાં હત્યા કરી સળગાવી નાખવામાં આવેલ છે. આ બનાવ નાંગલ કેન્ટ ખાતે બનેલ છે. આ બનાવ નવ વર્ષની દીકરી ઉપર સામૂહિક બળાત્કાર નાંગલ સ્મશાને સળગાવી દેવામાં આવેલ અને સમગ્ર અનુસૂચિત જાતિ સમાજ આ બનાવને વખોડી કાઢેલ છે અને આવા નરાધમ આરોપી ઉપર કડકમાં કડક પગલા લઈ આરોપીઓને ફાંસીની સજા આપવાની માંગ કરીએ છીએ. આ તકે જીવણભાઈ જીત્યા (રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ, રાજુલા તાલુકા પ્રમુખ), હિતેશભાઈ જીત્યા, રજનીભાઈ બોરીચા, હરેશભાઈ નાગર, રાજુભાઈ પરમાર (સામાજિક કાર્યકર્તા), સંતોષભાઈ ચૌહાણ સહિત લોકો ઉપસ્થિત રહયા હતા. ત્યારે આ બાબતે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા રાજુલા પ્રાંત કલેકટર કે.એસ. ડામીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

# જાફરાબાદ તાલુકામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી

જાફરાબાદ, તા.૧૨

આજે જાફરાબાદ તાલુકાના ટીંબી, નાગેશ્રી, બાબરકોટ અને જાફરાબાદ વિસ્તારમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જયેશ પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોશી, ડો. એ.કે. સિંધ અને ડો. આર.કે. જાટના માર્ગદર્શન હેઠળ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. મયુર બી. ટાંકની અધ્યક્ષતામાં પ્રા.આ. કેન્દ્ર ટીંબી, નાગેશ્રી, બાબરકોટ તથા જાફરાબાદ ખાતે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરાઈ. જેમાં મેડિકલ ઓફિસર, તાલુકા સુપરવાઈઝર પી.એચ.સી. સુપરવાઈઝરની નિગરાની હેઠળ પેરામેડિકલ સ્ટાફ આશાબેન, શિક્ષક સ્ટાફ, આંગણવાડીમાં સ્ટાફ સહિતના સ્ટાફ દ્વારા એકથી ઓગણીસ વર્ષના શાળાએ જતા કે ન જતા તમામ બાળ કોને નિઃશૂલ્ક કૃમિ નિયંત્રણની (ચાવવાની) આબેન્ડાઝોલ ગોળી આરોગ્ય સ્ટાફ, આંગણવાડી કાર્યકર તેમજ આશા બહેનો દ્વારા ડોર ટુ ડોર ખવડાવવામાં આવેલ. આ કૃમિની ગોળી લેવાથી લોહીની ટકાવારી અને પોષણ સ્તરમાં સુધારો તેમજ કાર્યક્ષમતા અને યાદશકિતમાં વૃધ્ધિ સહિતના ફાયદા જનસમુદાયને થાય છે તેમજ ૧૦ ઓગષ્ટથી ૨૦ ઓગષ્ટ દરમિયાન યોજાનારા આ રાઉન્ડ દરમિયાન ૧ થી ૧૯ વર્ષના જાફરાબાદ તાલુકાના તમામ બાળકોને આવરી લેવામાં આવશે જે તાલુકા હેલ્થ ઓફિસરની યાદીમાં જણાવેલ છે.

### નિવૃત્ત વિપ્ર શિવભકત દ્વારા

# અંટાળેશ્વર મહાદેવ મંદિરને ચાંદીનાં વાસણ અર્પણ કર્યા

**પેન્શનની રકમમાંથી વાસણો ખરીદ્યા**

લીલીયા, તા.૧૨

લીલીયા રાજગોર સમાજના મોભી અને આરોગ્ય વિભાગમાં વર્ગ-૪ની ફરજ પરથી નિવૃત થઈ પેન્શનર તરીકે જીવન પસાર કરતા દુર્ગાશંકરભાઈ વશરામભાઈ જોષીને અંટાળેશ્વર મહાદેવ પર અનન્ય શ્રધ્ધા હોય તેમને અંટાળેશ્વર મહાદેવનો સ્વપ્ન સંકેત થતાં પોતાના પેન્શનમાંથી બચાવેલ રકમમાંથી રૂા. ૧,૫૭,૪૫૦ના ચાંદીના વાસણો ભગવાનને થાળ ધરવા ખરીદી કરી અર્પણ કરતા મંદિરના ટ્રસ્ટી વિપુલભાઈ માંદળીયા દ્વારા ભેટ સ્વીકારી દુર્ગાશંકરભાઈનું વિધિવત સન્માન કરેલ. આ તકે વસંતભાઈ જોષી, ભરતભાઈ જોષી, અમિતભાઈ જોષી, કૃણાલભાઈ જોષી, મનોજભાઈ જોષી સહિતના આગેવાનો હાજર રહયા હતા.

### પરમાર્થ એજયુ એન્ડ ચેરી. ટ્રસ્ટ દ્વારા

# રાજુલા : કથીવદર ખાતે કોવિડ વેકિસનેશન કેમ્પ યોજાયો

**૧૨૧ નાગરિકોએ લાભ લીધો**

રાજુલા, તા.૧૨

કોરોના મહામારીને પહોંચી વળવા કોવિડ રસીકરણ જ એક ઉપાય હોય રસીકરણ બાબતે લોકોમાં જાગૃતતા લાવવા અને કોરોનાના ત્રીજા વેવની અગમચેતીના પગલા રૂપે "માનવ સેવા એજ પ્રભુસેવા"ને સાર્થક કરવા પરમાર્થ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કથીવદર ગામે કોવિડ રસીકરણ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કથીવદર તથા કથીવદર પરા અને વિકટરના ગામજનોએ બહોળી સંખ્યામાં લાભ લઈ કેમ્પને સફળ તા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ તકે ટ્રસ્ટના પ્રમુખ અમરાભાઈ વી. વાઘ (આતાભાઈ), સરપંચ અરજણભાઈ પી. વાઘ, જીલુભાઈ વાઘ, નથુભાઈ વાઘ, જંડુરભાઈ વાઘ, નાજાભાઈ વાઘ અને ઉનડભાઈ વાઘ સહિતના ગામના અગ્રણીઓ સહિત ઉપસ્થિત રહયા હતા. અને બને તેટલા વધુ લોકોને કોવિડ રસી લેવા અપીલ કરવામાં આવી હતી અને લોકોના સહયોગથી કેમ્પના અંતે ટોટલ ૧૨૧ લોકોને કોવિડ રસી લેવડાવેલ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા, ડો. મનસુખભાઈ જાલોધરા, દિનેશભાઈ મહિડા, મીનાબેન ચૌહાણ, જીવણીબેન અને સોનલબેન વાઘ સહિતની હેલ્થ ટીમ દ્વારા રાજુલા તાલુકામાં અત્યાર સુધીમાં ૭૪૦૦૦ ઉપરાંત લોકોને પ્રથમ અને બીજો ડોઝનો કોવિડ રસીકરણ દ્વારા કોરોના મહામારીને નાથવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવેલ છે જે યાદીમાં જણાવેલ છે.

### સ્પર્ધાત્મક યુગમાં સેવા આપવામાં ઠાગાઠૈયા

# અમરેલીની SBIનાં ગ્રાહકનું ATM પોસ્ટ અને બેન્ક વચ્ચે અટવાયું

**રીજીયોનલ મેનેજરને ફરિયાદ કરાઈ**

અમરેલી, તા. ૧૨

અમરેલીની એસબીઆઈ નાં ગ્રાહક યુસુફભાઈ સંઘરે એટીએમ કાર્ડ માટે બેન્ક અને પોસ્ટ વચ્ચે ધકકા ખાઈ રહયા હોય બેન્કના અધિકારીઓ ઉડાઉ જવાબ આપતા હોય ગ્રાહકે મ્યુનિસિપલ મેનેજમેન્ટને પત્ર પાઠવીને યોગ્ય કરવા માંગ કરેલ છે.

# અમરેલી : કોમર્સ કોલેજમાં રેન્ડમલી કોરોના RTPCR ટેસ્ટનું આયોજન



અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓનો રેન્ડમલી **RTPCR** ટેસ્ટ લેવાનો કાર્યક્રમ થયો હતો. ડો. રાજુભાઈ કથીરીયાના પ્રયત્નો સાથે ડો. ક્રિષ્નાબેન ખૂંટ, ડો. કિશનભાઈ ગોહેલ, ફાર્માસીસ્ટ મૌલિકાબેન ધડુક વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે.એમ. તળાવીયાએ કર્યું હતું. નોડલ ઓફિસર પ્રા. વાય.કે. કયાડાએ વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. સૌ ઉપસ્થિત સ્ટાફનું પ્રિન્સિપાલ ડો. પી.કે. ત્રિવેદીએ સ્વાગત કર્યું હતું. પ્રા. જે.એમ. તળાવીયાએ પણ કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. રેન્ડમલી કુલ ૨૪ વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

# અમરેલી ખાતે જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૨

જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણાની અધ્યક્ષતા અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની ચાલુ વર્ષની ત્રીજી બેઠક મળી હતી. ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. અમરેલી જિલ્લાના બાકી રહેતા ૫ ગામોની રૂા. ૮૨.૪૬ કરોડની આંતરિક ગ્રામ્ય પેયજળ યોજનાની મંજુરી આપવામાં આવી હતી. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે હાલ ભારત સરકાર દ્વારા જળ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત ૧૦% લોક ભાગીદારી આધારિત યોજના હેઠળ ઘરે ઘરે નળ કનેકશન આપવાની ઝુંબેશ ચાલુ રહી છે. આગામી દિવસોમાં આ યોજના હેઠળ જિલ્લામાં ૧૦૦% કામો પૂર્ણ થાય એ દિશામાં કાર્યવાહી કરવામાં આવશે.

# અમરેલીની કોમર્સ કોલેજમાં વેકિસનેશન ઓરીએન્ટેશન અને વેકિસનેશન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં લાયન્સ કલબ ઓફ અમરેલી સીટીના સહયોગથી ચોથા તબકકાનો કોરોના વેકસીનેશન કેમ્પ આયોજિત થયો હતો. તદઉપરાંત કોરોના અને વેકસીનેશન બંને અંગે ઓરીએન્ટેશન આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીની બહેનોએ કોરોના અને રસી વિશે માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં રાજુભાઈ કથીરીયા અને ડો. હેતલબેન ગલથીયાના માર્ગદર્શન નીચે ડો. કોમલબેન ડાભી, ડો. કે.એમ. વનારા, ડો. કૌશલભાઈ પંચાલ, ડો. પૂર્વીબેન ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ તકે પ્રિન્સિપાલ ડો. પી.કે. ત્રિવેદીએ સૌને આવકાર્યા હતા. જિલ્લાના જાણીતા જીવશાસ્ત્રી બીપીનભાઈ જોશી ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના અંતે ડો. જે.ડી. સાવલીયાએ સૌનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને ડિસ્ટ્રિકટ કો. ઓર્ડીનેટર પ્રા. જે.એમ. તળાવીયાએ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન કોવિડ નોડલ ઓફિસર પ્રા. વાય.કે. કયાડા, ડો. લા. મહેશભાઈ પટેલ, ડો. એ.કે. વાળા અને પ્રા. વાય.એચ. ઠાકર, પ્રા. એ.જી. પટેલ, પ્રા. એચ.સી. સોજીત્રા વગેરે ઉપસ્થિત રહયા હતા.

# પીપાવાવ રેલ્વે પર સીસીટીવી કેમેરાથી સિંહોના મૃત્યુ ઘટાડી શકાય

કુંઢેલી, તા.૧૨

બરફટાણા-પીપાવાવ ૧૭ કી.મી. રેલવે ટ્રેક પર સાત ફૂટ ઉંચી વાયર જાળી નાંખી હોવા છતાં ૨૦ જેટલાં સિંહના ફેબ્રુઆરી સુધીમાં મોત થયાં હતાં, જેમાં ૧૨ મોટાં સિંહ હતાં. આ અંગે અખિલ ભારતીય વ્યન્યપ્રાણી બોર્ડના સભ્ય એચ.એસ.સીંગ આ વિસ્તારના મુલાકાતે આવ્યા હતાં. તેમણે આપેલા અહેવાલ મુજબ આ ૧૭ કી.મી. એરિયામાં ૧૫૦ જેટલાં ખેડૂતો માટે આ ફેન્સીંગમાં દરવાજા મુકવામાં આવ્યાં છે. તેથી જયારે પણ એ દરવાજાઓ ખુલ્લા હોય છે ત્યારે સિંહ તેમાંથી રેલવે ટ્રેક પર આવી જાય છે. પછી તેને બહાર નીકળવાની જગ્યા મળતી નથી. તેથી રેલવેમાં કચડાઈને મોતને ભેટે છે.૧૫૦ કી.ગ્રા. વજનનો સિંહ ૭ ફૂટ જાળી કુદી ન શકે.

રાજય સરકારના જણાવ્યા મુજબ હવેથી આખો વિસ્તાર ઈલેકટ્રીક લાઈનમાં ફેરવાઈ રહ્યો છે તેથી આ લાઈનમાં માલગાડીની ઝડપ ૮૦ કિમી અને મુસાફર ટ્રેનની ઝડપ ૧૦૦ કિમી હોય છે. આ ટ્રેનને બ્રેક લાગતા ૨૮ સેકન્ડ સમય જરૂર પડે છે હાલ આ ટ્રેનની ગતિ મર્યાદા અહીં માત્ર ૪૫ કિલોમીટર છે પરંતુ જો ઈલેકિટ્રકથી ટ્રેન ચાલે તો આટલી ગતિ મર્યાદા રાખવી શકય નથી. તેથી જો સમગ્ર વિસ્તારમાં સી.સી.ટી.વી કેમેરા મુકવામાં આવે અને તે કેમેરા ટ્રેનના ડ્રાઈવરને દેખાતા હોય તો સિંહને જોવામાં આવે તો ટ્રેન ઉભી રાખી દેવા માટે જોગવાઈ કરવામાં આવે તો સિંહના અપમૃત્યુ થતાં અટકાવી શકાય.

આ માટે રાજય સરકાર અને રેલવે વિભાગ દ્વારા પરામર્શ ચાલુ છે. કુલ ૨૮૯ કરોડના ખર્ચે તૈયાર થયેલ ઈલેકટ્રીફિકેશનની લાઈન શરૂ કરવામાં આવેલ નથી. ભાવનગર જિલ્લા સિંહ દિવસના જિલ્લા સંયોજક તખુભાઈ સાંડસુર અને સિંહપ્રેમીઓ આ બધી બાબતોને સત્વરે ગંભીરતાથી વિચારવા રાજય સરકારને અનુરોધ કરેલ છે.

# લીલીયા મોટા : ક્રિષ્ના કો. સોસાયટી દ્વારા મૃતક સભાસદનાં પરિવારજનોને સહાય

લીલીયા, તા.૧૨

લીલીયામાં ચાલતી ક્રિષ્ના કેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના સભાસદ પ્રતાપભાઈ કાનાભાઈ ડેર, હુસેનભાઈ હસનભાઈ સુમરા, અરવિંદભાઈ નાથાભાઈ ડાભીનું દુઃખદ અવસાન થતાં આ સંસ્થાના નિયમ મુજબ તેમના પરિવારોને સહાય રૂપે રૂા. ૨૫,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવેલ.

તેમને સંસ્થાના ચેરમેન નીતિનભાઈ ત્રિવેદી, વાઈસ ચેરમેન મુકેશભાઈ માતરીયા, મેને. ડીરે. કાંતિભાઈ શિંગાળા તેમજ ડિરેકટરો કિશોરભાઈ પાઠક, ભરતભાઈ શેખલીયા, હરેશભાઈ ગાંગડીયા, બટુકભાઈ સોળીયા, હીરાભાઈ કાકરેચા, અતુલકુમાર ભટ્ટ, ઘનશ્યામભાઈ ભાલાળા, ઈલાબેન દવે હાજર રહેલ હતા અને તેમના હસ્તે ચેક અર્પણ કરવામાં આવેલ. મિટીંગનું સંચાલન જીતેન્દ્રભાઈ પાઠક દ્વારા કરવામાં આવેલ.

# જાફરાબાદની સરકારી કોલેજમાં કોરોના વેકિસનેશન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૨

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, જાફરાબાદ અને તાલુકા હેલ્થ સેન્ટર જાફરાબાદના સંયુકત ઉપકમે કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓની સ્વાસ્થ્યની સુરક્ષાના પગલે કોરોના વેકિસનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે કોલેજના પ્રિન્સીપાલ ડો. વિરલકુમાર શીલુએ સર્વ મેડીકલ ટીમના સભ્યોનો એમની અમૂલ્ય સેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. ડો. જે.એસ.ગોસ્વામી તેમજ સુપરવાઈઝર હિતેશભાઈ, આરબીએસકે મેડીકલ ઓફિસર શકીલ ભટ્ટી તેમજ સંજયભાઈ ડાભીના સહયોગથી આ કેમ્પનું આયોજન શકય બન્યું હતું. સરકારી વિનયન અને વાણિજય કોલેજના ડો. રાજીવ ડાંગર તેમજ ગ્રંથપાલ મહેશ પ્રજાપતિ તેમજ સંપૂર્ણ સ્ટાફના સંકલનથી આ વેકિસનેશન કેમ્પમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.


ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : પિપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા -2, તાલુકો રાજુલો, જિલ્લો અમરેલી, ગુજરાત 365 560.

CIN: L63010GJ1992PLC018106 ટેલીફોન: 02794 242400 Fax: 02794 242413

વેબસાઇટ: www.pipavav.com ઇમેલ: investorrelationinppv@apmterminals.com

30 જૂન, 2021ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે નાણાકીય પરિણામોનું નિવેદન

(રૂપિયા મિલિયનમાં)

| વિગત | સ્વતંત્ર ધોરણે | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 મહિનાના અંતે | અગાઉના 3 મહિનાના અંતે | ગયા વર્ષના સમાન 3 મહિનાના અંતે | પૂર્ણ થયેલાવર્ષ માટે | 3 મહિનાના અંતે | અગાઉના 3 મહિનાના અંતે | ગયા વર્ષના સમાન 3 મહિનાના અંતે | વર્ષના અંતે |
| | 30/06/2021 (અનઓડિટેડ) | 31/03/2021 (અનઓડિટેડ) | 30/06/2020 (અનઓડિટેડ) | 31/03/2021 (ઓડિટેડ) | 30/06/2021 (અનઓડિટેડ) | 31/03/2021 (અનઓડિટેડ) | 30/06/2020 (અનઓડિટેડ) | 31/03/2021 (ઓડિટેડ) |
| કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી) | 1,596.19 | 1,934.27 | 1,589.76 | 7,334.63 | 1,596.19 | 1,934.27 | 1,589.76 | 7,334.63 |
| કરવેરાની ચુકવણી પછી અસાધારણ પ્રવૃત્તિઓમાંથી ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ ચીજવ્તુઓને બાદ કરતાં) | 321.63 | 653.75 | 464.16 | 2,180.77 | 327.65 | 653.90 | 481.57 | 2,216.45 |
| પેઇડ-એપ ઇક્વિટી શેર મૂડી (શેરદીઠ રૂ. 10ની ફેસ વેલ્યુ) | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 | 4,834.40 |
| અગાઉના હિસાબી વર્ષની બેલેન્સ શીટ મુજબ અન્ય ઇક્વિટી | | | | | | | | |
| શેરદીઠ આવક (અસાધારણ ચીજવસ્તુઓ અગાઉ અને પછી) (દરેકના રૂ. 10/-) (વાર્ષિક નહીં) | | | | | | | | |
| બેસિક: | 0.67 | 1.35 | 0.96 | 4.52 | 0.68 | 1.35 | 1.00 | 4.59 |
| ડાઇલ્યુટેડ: | 0.67 | 1.35 | 0.96 | 4.52 | 0.68 | 1.35 | 1.00 | 4.59 |

નોંધ: ઉપરોક્ત વિગત સેબી (લિસ્ટિંગ જવાબદારીઓ અને જાહેર કરવાની જરૂરિયાતો) નિયમન, 2015ના નિયમન 33 અંતર્ગત સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવેલા ત્રિમાસિક ગાળાના અંતના નાણાકીય પરિણામોનો સાર છે. ત્રિમાસિક ગાળાને અંતનાં નાણાકીય પરિણામોની સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટો (www.besindia.com અને www.nseindia.com) અને કંપનીની વેબસાઇટ www.pipavav.com પર ઉપલબ્ધ છે.

ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ માટે
જેકોબ ક્રિસ સોરેન્સેન
મેનેજિંગ ડાયરેક્ટર

સ્થળ: મુંબઈ
તારીખ: 12 ઓગસ્ટ 2021